GJBK040058742018

## :– વાદીની આંક–૫ ની વચ ગાળાની મનાઈ હુકમ મેળવવાની અરજી હેઠળ હુકમ :–

.............................................................

(૧) વાદીની દાવા અરજી,આંક.૫ ની અરજી તથા પેપર્સ વંચાણે લીધા.બંને પક્ષના વિ.વ.શ્રીઓને સાંભળ્યા.

(૨) વાદી તરફે આંક.૫ થી અરજી લાવી સી.પી.સી.ઓર્ડર ૩૯ રૂલ ૧–૨ કલમ ૧૫૧ મુજબ હંગામી મનાઈ હુકમ માટેની માંગણી કરેલ છે. આ અરજીની ટુંકમાં હકીકત જોવામાં આવે તો, આ કામના વાદી અને પ્રતીવાદી નં.૨ વાળા વાદીના માતૃ શ્રી થાય છે અને પ્રતીવાદી નં.૨ વાળા વાદીના સગા ભાઈ થાય છે. વાદી વિધવા નિરાધાર છે અને વાદીના પરીવારમાં ત્રણ પુત્રી છે. વાદીના મર્હુમ પીતા ૩૩ વર્ષ અગાઉ ગુજરી ગયેલ છે. મોજે ગામ આખોલ મોટી, તા.ડીસાના રે.સ.નં.૮૬ અ પૈકી ૨ પૈકી ૧ ખાતા નં.૧૮૬ વાળી હે.આરે.૦૨–૭૩–૧૭ ચો.મી. ખેતીની જમીન વાદીના મર્હુમ પીતા અને વાદીના કાકા ઠાકોર રણજીત દલાજીના વડીલોપાર્જીત સંયુકત ખાતે ચાલતી હતી. સદરહુ જમીન પૈકી હે.આરે.૦૧–૩૭–૦૧ ચો.મી. જમીન અમારા કાકા ના ભાગે આવતી હોવાથી તેમાં વાદીએ વેચાણ કરવાની સમ્મતી આપેલી, ત્યાર બાદ બાકી રહેતી ૦૧–૩૬–૧૬ ચો.મી. જમીન વાદી તથા પ્રતીવાદીઓના ભાગે આવેલ. સદરહુ દાવાવાળી જમીનમાં વાદીના પીતાશ્રી ધનજીભાઈ દલછાજી ઠાકોર આશરે ૩૩ વર્ષ અગાઉ ગુજરી જતા રેવન્યુ રેકર્ડે વારસાઈની નોંધ નં.૭૫૯ તા.૨૫/૧૧/૧૯૮૬ ના રોજ પાડવામાં આવેલી તેમાં અધુરૂ પેઢીનામું બનાવીને વાદીનું નામ દાખલ કર્યા સીવાય અધુરી વારસાઈ નોંધ પાડવામાં આવેલી હતી. ત્યાર બાદ વાદીએ નોંધ નં.૭૫૯ સામે નાયબ કલેકટર સા.ડીસાની કોર્ટમાં આર.ટી.એસ.નં.૧૪/૨૦૧૨ દાખલ કરેલ જે કેસ ચાલી જતા નાયબ કલેકટરના હુકમ મુજબ વાદીએ દાવાવાળી જમીનમાં રેવન્યુ રેકર્ડે વારસાઈ નોંધ નં.૩૨૦૩, તા.૦૭/૦૭/૧૨ ના રોજ પડાવેલી, જે નોંધ મંજુર થવા સામે પ્રતીવાદીઓએ વાંધો લીધેલો જેથી સર્કલ ઓફીસરશ્રી,

ડીસાએ તકરારી રજીસ્ટરે દાખલ કરી નીર્ણય સારૂ મામલતદારશ્રી ડીસાને મોકલી આપેલ, જેથી મામલતદારશ્રી ડીસાએ આર.ટી.એસ.કેસ નં.૮૯/૨૦૧૨ દાખલ કરેલ અને તેમાં તા.૧૨/૭/૧૩ ના રોજ એવો હુકમ કરેલ કે, વારસદારોને સદરહુ જમીનમાં હકક, હીસ્સો હોય તો સક્ષમ કોર્ટમાં દાદ મેળવવી પડે. જેથી વારસાઈ નોંધ નં.૩૨૦૩ તા.૦૮/૦૭/૧૨ ના રોજ '' ના મંજુર '' કરવામાં આવેલ છે. ત્યાર બાદ વાદીએ નાયબ કલેકટરશ્રી ડીસામાં આર.ટી.એસ.અપીલ નં.૬૯/૨૦૧૩ દાખલ કરેલ જે કેસ ચાલી જતા મે.નાયબ કલેકટર સાહેબે તા.૨૭/૬/૧૩ ના રોજ મામલતદારશ્રી ડીસા નો તા.૧૨/૭/૧૩ નો હુકમ કાયમ રાખવા હુકમ કરેલ છે. આ દાવાવાળી વડીલોપાર્જીત મજીયારી મીલ્કત વાદીઓની સંમતી વગર તબદીલ કરવાનો કે તેના ઉપર કોઈ બોજો ઉભો કરવાનો કોઈ પ્રતીવાદીઓને નથી. પ્રતીવાદીઓએ મીલ્કતનો ગેર વહીવટ કરી મજીયારી વડીલોપાર્જીત જમીન અંગે રેવન્યુ રેકર્ડે ખોટી નોંધો પડાવી પ્રતીવાદીઓએ તેમના સ્વતંત્ર નામે કરાવી લીધી છે. આ દાવો ચાલતા લાંબો સમય જાય તેમ છે અને પ્રતીવાદીઓ દાવાવાળી જમીન વેચી નાખે તો વાદીને અનહદ નુકશાન થાય અને ભારે ખર્ચામાં ઉતરવુ પડે. આ જમીન વાદીની વડીલોપાર્જીત હોઈ વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ છે. આ દાવાના કામે હંગામી મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતીવાદીઓને કોઈ જ નુકશાન થાય તેમ નથી. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે. જેથી પ્રતીવાદીઓના આ ગે.કા.કૃત્યને અટકાવવા હંગામી મનાઈ હુકમ આપવા તેમજ આંક–૫ ની અરજીના પેરા–૯ માં જણાવ્યા મુજબની દાદ આપવા અરજ ગુજારેલ છે.

૩) આ કામે આંક–૧૫ થી પ્રતીવાદી નં.૧, ૨ ના તરફે વાદીના દાવાનો તથા આંક.૫ ની મનાઈ અરજીનો જવાબ રજુ કરી વાદીની દાવા અરજી તથા હંગામી મનાઈ હુકમની અરજીનો તેઓના લેખિત જવાબમાં સ્પષ્ટપણે કબુલ કબુલ કર્યા સિવાયની તમામ હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરી, સત્ય હકીકતે જણાવેલ છે કે, મોજે ગામ આખોલ મોટી, તા.ડીસા, જી.બ.કાં. મુકામે સ.નં.૮૬ અને ૧૨૫ વાળી ખેતીની જમીનો આવેલી છે. તે જમીન લખમણ વીરજી, સોમજી વીરજી, દલછાજી વીરજી, મોહન વીરજીના ખાતે નોકરી બંધ થવાની શરતે પસાયતા ચાકરીયાત તરીકે ચાલતી હતી તેની નોંધ નં.૯૬ પ્રમોલગેશન સમયે પડી પ્રમાણીત થયેલ છે. ત્યાર

બાદ નોકરી બંધ થઈ હોય તેથી નોંધ નં.૧૧૬ ની વિગતે ઉપરોકત ખાતેદારોના નામે દાખલ થયેલ છે. ત્યાર બાદ જમીનના ખાતેદાર દલછાજી ઘુડાજી ગુજરી જવાથી તેમની આખોલના હકક પત્રકે વારસાઈની નોંધ થયેલ અને તેમાં નોંધ નં.૨૮૧ તા.૨૩/૭/૧૯૭૧ ની વીગતે તેમન વારસ તરીકે તેમના દીકરા તથા પ્રતી.નં.૧ ના પતી તથા નં.૨ ના પીતાશ્રી અને માતૃશ્રીનું નામ દાખલ કરવામાં આવેલ. જે નોંધ તા.૨૬/૯/૧૭ ના રોજ પ્રમાણીત થયેલી. ત્યાર બાદ સદરહુ જમીનના ખાતેદારો વચ્ચે આપસમાં ભાઈઓ ભાગે વહેંચણી કરવામાં આવેલ વહેંચણી મુજબ સ્થળ ઉપર કબજા, ભોગવટા સંભાળી લીધેલા અને તે પ્રમાણે ખેતી કરતા આવેલા. ત્યાર બાદ પ્રતી.નં.૧ ના પતી તથા નં.૨ ના પીતાશ્રી ઠાકોર ધનજી દલછાજી સને–૧૯૭૯ માં ગુજરી જતા સદરહુ જમીનમાં પ્રતી.નં.૧ વાળા ખેતી કરતા હતા અને ઉપજ મેળવી પોતાના કુટુંબનું ભ.પો. કરતા હતા. અને તે અંગે આખોલ મોટીના હકક પત્રકે નોંધ નં.૭૫૯, તા.૨૫/૧૧/૧૯૮૬ ના રોજ પાડવામાં આવેલી અને તેમાં વારસદાર તરીકે પ્રતીવાદીઓનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલો. સદરહુ ગામ આખોલ મોટી, તા.ડીસાના સ.નં.૮૬/અ પૈકી ૨ ની હે.આરે.૪–૦૬–૭૨ ચો.મી.જમીન પૈકી હે. આરે.૧–૩૩–૧૫ ચો.મી.જમીન ઠાકોર રણજીતજી દલછાજી તથા પ્રતી.ઓએ રજી. દસ્તાવેજથી પુરતો અવેજ લઈ ઠાકોર પુનમાજી ઘુડાજીને વેચણ આપેલ અને જે અંગે રજી. વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રારશ્રી ડીસાની કચેરીમાં અનુ. નં. ૩૫૮૦ તા.૧૩/૭/૦૯ના રોજ નોંધાયેલ છે.ત્યાર બાદ તે વેચાણ દસ્તાવેજ આધારે મોજે ગામ આખોલ મોટી, તા.ડીસાના હકક પત્રકે વેચાણ અંગેની નોંધ નં. ૨૭૭૫ તા.૧૬/૭/૦૯ના રોજ પાડવામાં આવેલી અને જે નોંધ સામે વાદીએ મામલતદારશ્રી ડીસાને વાંધા અરજી આપતા મામલતદારશ્રીએ આર.ટી.એસ.તકરારી કેસ નં.૧૦૬/ ૦૯ ઉપસ્થિત કરી કેસ ચલાવી તા.૧૮/૧/૧૦ ના હુકમથી વેચાણ નોંધ નં.૨૭૭૫ પ્રમાણીત કરવા હુકમ કરેલો. તે હુકમથી નારાજ થઈ વાદીએ મે.નાયબ કલેકટરશ્રી ડીસા સમક્ષ આર.ટી.એસ.અપીલ નં.૪૮/૨૦૧૦ દાખલ કરેલી જે પણ તા.૧૩/૧૨/૧૧ ના હુકમથી ના મંજૂર થયેલ. તે સામે વાદીએ કોઈ અપીલ કે રીવીઝન કરેલ નથી. ત્યાર બાદ વાદીએ હકકપત્રકની નોંધ નં.૭૫૯ ની સામે મે. નાયબ કલેકટરશ્રી ડીસા સમક્ષ આર.ટી.એસ.અપીલ નં.૧૪/૨૦૧૨ દાખલ કરેલી.જે

તા.૩૦/૪/૧૨ ના હુકમથી ના મંજૂર થયેલી. આ કામે ઠાકોર રણજીતજી દલછાજી તથા કમુબેન દલછાજી તથા શાંતાબેન દલછાજીએ તેમના હીસ્સાની સ.નં.૮૬અ/ પૈકી ૨/પૈકી ૧ ની હે.આરે.૧–૩૭–૦૧ ચો.મી.જમીન રજીસ્ટર્ડ દસ્તાવેજથી કણબી ઈશ્વરભાઈ ઉમેદભાઈને વેચાણ આપેલ, તે વેચાણ દસ્તાવેજના આધારે હકક પત્રકે નોંધ નં.૩૩૧૦, તા.૫/૮/૧૩ ના રોજ પડી પ્રમાણીત થયેલ છે. ત્યાર બાદ બાકી રહેતી દાવાવાળી જમીન અમારા ભાગમાં આવેલ હોઈ સદરહુ જમીનમાંથી રણજીતજી દલછાજી તથા ઠાકોર શાંતાબેન દલછાજીએ પોતાનો હકક સ્વેચ્છાએ રજીસ્ટર્ડ લેખ ની રૂએ અમારી તરફેણમાં જતો કરેલો અને તે અંગેનો રજી.લેખ સબ રજીસ્ટ્રારશ્રી ડીસાની કચેરીમાં અનુ.નં.૫૧૫૦, તા.૫/૮/૧૩ ના રોજ નોંધાયેલ છે. તે લેખના આધારે અમો પ્રતીવાદીએ અમારા સ્વતંત્ર ખાતે મીલ્કત દાખલ થયેલી છે, તે સામે વાદીએ આજ દીન સુધી કોઈ વાંધો કે તકરાર ઉપસ્થિત કરેલ નથી. આમ, દાવાવાળી મીલ્કતના અમો પ્રતીવાદીઓ સ્વતંત્ર માલીક અને કબજેદાર છીએ. અમો ખેતી કરીએ છીએ વાદીને કોઈ હકક નથી અને વાદીએ ખોટી રીતે જમીન પડાવવાના આશયથી હાલનો દાવો કરેલ છે. વાદીએ દાવાવાળી જમીનમાં કયારેય ખેતી કરેલ નથી. પ્રતી. ઓએ દાવાવાળી જમીનમાં બાજરીનું વાવેતર કરેલ છે, જે ગણપતજી રતુજી ઠાકોરના બોર ધ્વારા પાણી લઈ પીયત કરેલ છે. દાવાવાળી જમીનમાં અમારૂ રહેણાંકનું મકાન આવેલુ છે જેમાં પ્રતીવાદીઓ રહે છે. આ તમામ સંજોગો જોતાં પ્રાયમાફેસી કેસ, ઈરીપેબલ ઈન્જરી તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં ન હોઈ વાદી પ્રતીવાદીઓ સામે નામ.કોર્ટમાં દાવો કરવાનો કે મનાઈ હુકમ મેળવવા હકકદાર નથી. આ તમામ હકીકતો ધ્યાને લઈ હાલના વાદીની મનાઈ અરજી તથા દાવા અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૪) આ દાવો અને આંક.૫ ની અરજી સાથે વાદી તરફે આંક–૪ થી ડી.ઈ. લીસ્ટથી માર્ક.૪/૧ થી ૪/૧૩ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે.

(૫) આ કામે પ્રતીવાદી તરફે આંક – ૧૮ થી ડી.ઈ. લીસ્ટથી માર્ક.૧૮/૧ થી ૧૮/૨૨ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે.

(૬) આ કામે વાદીના વિ.વશ્રીએ તેમની દલીલમાં જણાવેલ છેકે, આ કામે વાદીએ હાલનો દાવો વડીલોપાર્જીત મીલકત અને દાવાવાળી મીલ્કતમાં ભાગ મેળવવા માટે દાખલ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છેકે, આ કામે દાવાવાળી મીલકતમાં વાદીનો વણવહેંચાયેલો અડધો ભાગ નામ.કોર્ટ ઠરાવી આપે તેવો પોષાય છે જેથી આ કામે મનાઈ અરજીમાં માંગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ કરેલ છે.

(૭) અ કામે પ્રતિવાદીનાં વિ.વ.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છેકે, વાદીનો કેસ એવો છેકે, દાવાવાળી મીલ્કત વડીલોપાર્જીત મીલ્કત છે તેમજ તેઓનો હકક, હીત, હીસ્સો પોષાય છે. આ કામે પ્રતીવાદી નં.૧ વાદીના માતા, પ્રતીવાદી નં. ર વાદીના ભાઈ અને સહ પ્રતિવાદી વાદીના બેન છે તેમ જણાવી હીસ્સા માટેનો દાવો દાખલ કરલ આંક–પ ની મનાઈ અરજી દાખલ કરી એવો મનાઈ હુકમ માંગેલ છેકે, દાવાવાળી મીલ્કત આ કામના પ્રતીવાદીએ કોઈને કોઈ પણ પ્રકારે ટ્રાન્સફર, અસાઈન, ગીરો, બક્ષીસ કે બોજો કરે કરાવે નહી તેવો દાવાના આખરી નીકાલ સુધી મનાઈ હુકમની માંગણી કરેલી છે.આ કામે પ્રતીવાદીએ આંક–૧પ થી દાવાનો જવાબ રજૂ કરેલ છે અને આંક–૧૮ થી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ કરેલ છે. વાદી તેમની દીકરી, ભાઈ કે બેન નથી. તેઓને કોઈ લીગલ કાનુની હકક મળવાપાત્ર નથી. દાવા અરજીના પેરા–૧ માં જોઈએ તો સને–૨૦૧૮ નો દાવો દાખલ થયેલ છે. તેમાં વાદી ની ઉ.વ.૧૮ ની બતાવેલ છે. ધનજીભાઈ દલાજીનું પેઢીનામું દર્શાવેલ છે, તેમાં વાદી ની ઉ.વ. ૩૩ ની દર્શાવેલ છે. વાદીના પીતાનું મૃત્યુ સને–૧૯૮૦ માં ૧૦ મા મહીના માં કહી શકાય. માર્ક–૪/૬ ની નોંધ નં.૩પ૯ તા.ર૫/૧૧/૮૬ ના રોજ પડેલ છે. સને–૧૦૮૬ માં સાત વર્ષ પહેલા ગુજરી ગયા હોય તો અને સને–૧૯૭૯ ની સાલમાં ગુજરી ગયાનું માની શકાય. વાદી ધનજી દલાજીના વારસ હોવાનું માની શકાય નહી.તેઓ ધનજી દલાજીના વારસ છે તેવુ પ્રાથમીક તબકકે પુરવાર થતુ ન હોઈ જેથી આ હકીકત પુરાવો લીધા સીવાય નકકી થતી નથી. જેથી વાદીને મનાઈ હુકમ મળી શકે નહી. વાદીએ વારસાઈનાં હુકમને પડકારેલ નથી. વાદીને દાવો લાવવામાં ઈરાદાપુર્વક ઢીલ થયેલ છે. જેથી વાદીના કથન મુજબ હકક સાબીત થાય તો વાદીનો દાવો રીવર અને એસ્ટોપલ તથા વાદીનું કનકટ મુજબ દાવો ચાલવા પાત્ર નથી. માર્ક–૧૮/પ થી પ્રતીવાદીએ રજૂ કરેલ દસ્તાવેજો જોતાં નોંધ નં.૯૬, ૧૧૬,

૨૮૧ ની નોંધો રજૂ કરેલ છે. માર્ક–૧૮/૬ થી નોંધ નં.૭૫૯ ની રજૂ થયેલ છે તેમજ પ્રતીવાદીએ માર્ક–૧૮/૯ થી માર્ક–૧૮/૨૨ સુધીના અલગ–અલગ મામલતદાર, પ્રાંત તથા કલેકટર નાં હુકમો તથા નોંધો રજૂ કરેલ છે અને વાદીએ કલેકટરનાં હુકમ સામે કોઈ અપીલ કરેલ નથી. દાવાવાળી મીલ્કતનો વેચાણ દસ્તાવેજ સને–૨૦૧૩ ની સાલનો છે અને હાલનો દાવો વાદી સને–૨૦૧૮ ની સાલમાં લઈ આવેલ છે. વાદીએ તેની માતાનું નામ કયાંય દર્શાવેલ નથી. માર્ક–૪/૧ નો દસ્તાવેજ જોઈએ તો તેમાં આશાબેન ધનજીભાઈ સોલંકી તેવુ જણાવેલ છે. જયારે વાદીએ હાલનો દાવો આશાબેન ધનજીભાઈના નામથી કરેલ છે તેમાં વાદીનો એવો કોઈ કેસ નથી કે આ બંને ઠાકોર અને સોલંકી એક જ છે. ઠાકરીયાતની જમીનમાં સને–૧૯૮૬ માં વાદીનું નામ દાખલ થયેલ છે. સને–૧૯૯૧ માં પ્રાંત ઓફીસરે પ્રતીવાદીને દાવાવાળી જમીન રીગ્રાન્ટ કરી આપેલ છે, એટલે ફરી મંજુર કરી ટાઈટલના હકક આપેલ છે. વાદીએ તે હુકમને કયાંય ચેલેન્જ કરેલ નથી. સને–૨૦૦૭ માં દાવાવાળી મીલ્કત ખેતી વિષયક હેતુ માટે ટ્રાન્સફર થયેલ છે તે હુકમને વાદીએ ચેલેન્જ કરેલ નથી. અમુક ભાગનો વેચાણ દસ્તાવેજ થયેલ છે તેને વાદીએ ચેલેન્જ કરેલ નથી તે હાલની તારીખે અમલ માં છે. વારસાઈ હકકની તકરાર સને–૧૯૮૬ ની પછી સને–૨૦૧૮ માં વાદીએ ઉપસ્થિત કરેલ છે. સમય મર્યાદાના કાયદાના આર્ટીકલ ૬૪ અને ૬૫ ની હકીકતો ધ્યાને લેતાં ૧૨ વર્ષ પછી કોઈ પણ વ્યકિત તેનો હકક હોય તો તે ગુમાવી દે છે. વાદીએ તેના અનુસંધાને નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખેલા છે.

(૧) ૨૦૦૫ (૬) એસ.આર.જે, ૩૭૭ સુપ્રિમ કોર્ટ
યમુનાનગર ઈમ્પ્રમેન્ટ ટ્રસ્ટ વિ.ખેરાતીલાલ

(૨) ૧૯૫૯ લો સ્યુટ (એસ.સી) ૭૧
રઘુનાથદાસ વિ. ગોકલચંદ

(૩) એ.આઈ.આર. ૨૦૧૧ દીલ્હી પાના નં.૮૯
એસ.એન.અરોરા વિ. બ્રોકર્સ એન્ડ બ્રોકર્સ પ્રાઈવેટ લીમીટેડ ના ચુકાદાઓ રજૂ રાખી વાદીની હાલની મનાઈ અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૮) આ કામે વાદીએ હાલનો દાવો દાવાવાળી વડીલોપાર્જીત મીલ્કતમાંથી કાયદેસરના વારસદાર તરીકે હકક, હીસ્સો દાખલ કરવા જાહેરાત માટે તેમજ જમીન

માંથી ભાગ મેળવવા અને ભાગ ન આપે ત્યાં સુધી ઉપજ મેળવવાનો તેમજ મીલ્કત કોઈને કોઈ પણ રીતે ટ્રાન્સફર, અસાઈન, ગીરો કરે કરાવે નહી કે બોજો કરે કરાવે નહી તે મતલબનો દાખલ કરેલ છે અને એવો મનાઈ હુકમ માંગેલ છેકે, દાવાવાળી મીલ્કત દાવાનો નિકાલ ન આવે ત્યાં સુધી પ્રતીવાદીએ વેચાણ, બક્ષીસ, ગીરો, અડાણવટ કે અન્ય કોઈ પણ રીતે તબદીલ કરે કરાવે નહી કે તેના ઉપર કોઈ પણ પ્રકારનો બોજો ઉત્પન્ન કરે કરાવે નહી અને દાવાવાળી જમીનનો વ્યવસ્થીત સ્વતંત્ર કબજો જાળવી રાખે તેવો હંગામી મનાઈ હુકમને દાવાના નાખરી નિકાલ સુધીની માંગણી કરેલી છે. આ કામે પક્ષકારો તરફથી રજૂ થયેલ નોંધ નં.૭૫૯ ની સને–૧૯૮૬ ની નોંધ માત્ર પ્રતીવાદી નં.૧, ૨ ના નામની પડેલ છે જે વારસાઈ નોંધ છે. આ કામે નોંધ નં. ૧૦૮૮ ની નોંધ તા.૦૮/૦૮/૯૧ ના રોજ ની પ્રતીવાદીએ માર્ક–૧૮/૭ થી રજૂ કરેલ છે જે નોંધમાં દાવાવાળી જમીન રીગ્રાન્ટ કરેલ છે અને તેમાં હાલના કબજેદારોના નામે રીગ્રાન્ટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કામે પ્રતીવાદી નં.૧, ૨ નાએ દાવાનો જવાબ આંક–૧૫ થી રજુ કરેલ છે, તેમાં તેઓએ આંક–૧૯ ના પેરામાં એવુ જણાવેલ છેકે, કાયદાના મુદ્દા ઉપર નામ.સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયાના સીવીલ અપીલ નં.૭૨૧૭/૧૩ તા.૧૬/૧૨/૧૫ પ્રકાશ અને બીજા વિરૂધ્ધ ફુલવર્તી ના ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણેની શરતો ફુલફીલ થતી ના હોઈ તેઓનો કાયદા મુજબ દાવો ટકી શકે નહી. ધનજી દલછાજી સને–૧૯૭૯ માં ગુજરી ગયેલ છે ત્યાર બાદ સને–૧૯૯૨ માં પાર્ટીશન થઈ ગયેલ છે તેથી તેઓ દાવાવાળી મીલ્કતમાં ભાગ મેળવવા હકકદાર નથી. આ કામે પ્રતીવાદી નં.૧, ૨ નાએ આંક–૧૫ થી રજૂ કરેલ જવાબમાં તેઓએ એવુ જવાબમાં કયાંય જણાવેલ નથી કે વાદી કે સહ પ્રતીવાદી કમુબેન ધનજી ના સંતાન પુત્રી નથી. આ કામે વાદીએ માર્ક–૪/૧૨ અને માર્ક–૪/૧૩ થી વાદી આશાબેન ધનજીભાઈ ઠાકોર ધનજીભાઈ દલછાજી ઠાકોરના પુત્રી અને વિજયકુમાર બાબુલાલ ઠાકોરની પત્ની છે તે મતલબની વાદીએ અને તેના સાક્ષીએ સોગંદનામાઓ રજુ કરેલા છે. તેમજ આ કામે વાદીએ માર્ક–૪/૨ થી પેઢીનામું રજુ કરેલ છે તેમાં પણ હાલના દાવાના પક્ષકારોને વારસ તરીકે દર્શાવેલા છે. આ કામે વાદીએ રજૂ કરેલ ચુકાદાઓને ધ્યાને લઈએ તો, અને કેસની હકીકતો ધ્યાને લઈએ તો, સ્થાપિત ગુણોત્તર સંબંધી નામ.સર્વોચ્ચ અદાલતે સ્થાપિત કરેલા સિધ્ધાંતો જોવામાં આવે તો

૨૦૧૦(૩) ગુજરાત લો હેરાલ્ડ પાના નં.૨૮૧ મુંબઈ ઈન્ટરનેશન એરપોર્ટ વિરૂધ્ધ રીજન્સી કન્વેન્શન સેન્ટર ના કેસમા હેડનોટ ''સી'' જોવામા આવે તો તે નીચે મુજબ છે.

(C) Precedents-Interpretation of Judgments:--

It was observed that every judgment must be governed and qualified by the particular facts of the case in which such expressions are to be found; that a little difference in facts or additional facts may make a lot of difference in the precedential value of a decision and that even a single significant detail may alter the entire aspect; that there is always peril in treating the words of a judgment as though they were words in a legislative enactment, and it is to be remembered that judicial utterances are made in the setting of the facts of a particular case.

એ હકીકતની નોંધ લેવી ઘટે કે નામ. સર્વોચ્ચ અદાલતના ઉપરોકત સિધ્ધાંતને લક્ષમા લેતા દરેક કેસમા કવોલીફાઈડ થયેલી હકીકતોના આધારે જે તે કેસનો નિર્ણય કરવામા આવલ હોય, જેથી હકીકતોના સંદર્ભમા સહેજ માત્ર પણ ફેરફાર હોય તો કેસ ના ચુકાદાના ગુણોત્તરમા સમગ્ર બાબતમા ફેર પડી શકે છે. દરેક કેસ પોતાની આગવી હકીકતો ઉપર આધારીત હોય છે ત્યારે અક્ષરશ: ગુણોત્તર લાગુ પડે છે તેમ કહી શકાય નહીં. જેથી વાદી તરફથી રજુ થયેલા ચુકાદાઓ આ કેસની હકીકતો સાથે સુસંગત થતા નથી તેમજ પ્રતીવાદીએ તેના જવાબમાં જણાવ્યા મુજબનો પ્રકાશ અને બીજાઓ વિરૂધ્ધ કુલવર્તીના ચુકાદાઓ ઉપર આધાર રાખે છે તે ચુકાદો વનીતા શર્મા વિરૂધ્ધ નામ.સુપ્રિમ કોર્ટના તા.૧૧/૮/૨૦૨૦ ના રાકેશ શર્માનાં ચુકાદાથી ઓવર રૂલ થયેલો છે તેમજ આ કામે વાદીએ રજૂ કરેલ તા.૩૧/૩/૧૬ ના નામ.કલેકટરશ્રી ના હુકમ મુજબ અરજદારે તેમનો કેસ સક્ષમ કોર્ટથી સાબીત કરવા અને વારસા હકક માટે નામ.દીવાની કોર્ટ સમક્ષની દાદા મેળવી શકે છે તેમજ સમય મર્યાદાના કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતા વાદીએ હાલનો દાવો આ હુકમની તારીખથી ૧૨ વર્ષની અંદર દાખલ કરેલ છે જેથી વાદીના દાવાને સમય મર્યાદાનો કોઈ બાધ નડતો નથી. આ

કામે બંને પક્ષકારોએ નોંધ નં.૭૫૯ ની સને–૧૯૮૬ માં જે નોંધ પાડી તે મુજબ જો હાલના વાદી તથા સહ પ્રતીવાદીન નામે પણ વારસાઈ નોંધમાં દર્શાવેલા હોત તો નોંધ નં.૧૦૮૮ થી તા.૦૮/૦૮/૯૧ ની પ્રતીવાદીએ માર્ક–૧૮/૭ થી રજુ કરેલ છે તેમાં ખાતેદાર તરીકે રીગ્રાન્ટમાં હાલના વાદી તથા સહ પ્રતીવાદીના નામ પણ આવેલ હોત. આમ, હાલના કામે વાદી તથા સહપ્રતિવાદી પ્રતીવાદી નં.૧ ના સંતાન હોવાનું પ્રથમ દર્શનીય રીતે પુરવાર થાય છે. આવા સંજોગો માં વાદીનો પ્રથમ દર્શનીય કેસ બનતો હોવાનું પુરવાર થાય છે.

(૯) આ કામે જયારે વાદીએ તેમનો પ્રથમ દર્શનીય કેસ બનતો હોવાની હકીકત પુરવાર કરેલ છે. આ સંજોગોમાં હાલના કામે વાદગ્રસ્ત મીલકતનો કબજો, ભોગવટો પ્રતીવાદી નં.૧, ૨ નાઓનો છે. આ કામે વાદીએ આંક–૫ ની મનાઈ અરજીમાં કબજા ભોગવટાને હાલના તબકકે કોઈ માંગણી કરેલ નથી. આ કામે જો વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો તેનાથી પ્રતીવાદીના કબજા ભોગવટામાં કોઈ હસ્તક્ષેપ થતો હોય તેવુ પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવતુ નથી અને જો આ કામે મનાઈ હુકમ ન આપવામાં આવે તો પ્રતીવાદી નં.૧, ૨ નાએ દાવાવાળી મીલ્કતમાંનો પ્રતીવાદી નં.૧, ૨ નો કબજો, ભોગવટો હાલના તબકકે છે તે કોઈને કોઈ પણ રીતે ટ્રાન્સફર, અસાઈન, હસ્તાંતર કરે તેવા સંજોગોમાં મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ થવાની સંભાવના અને શકયતાઓ જણાઈ આવે છે. આવા સંજોગોમાં અગવડતા–સગવડતાનું પલ્લુ ધ્યાને લઈએ તો પ્રતીવાદી કરતા વાદીની તરફેણમાં હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે. આ કામે નાણાંમા ન આંકી શકાય તેવુ નુકશાન થવાની સંભાવના અને શકયતાના પલ્લાની ચર્ચા કરીએ તો આ કામે વાદીએ જયારે તેઓનો પ્રથમ દર્શનીય કેસ તથા સગવડતા–અગવડતા ના પલ્લાની હકીકત તેઓની તરફેણમાં હોવાનું પ્રથમ દર્શનીય રીતે પુરવાર કરેલ હોય તેવા સંજોગોમાં આ કામે જો વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો તેનાથી વાદીને ભવિષ્યમાં દાવાના અંતે સફળ થાય તો તેવા સંજોગોમાં ચાલુ દાવા દરમ્યાન પ્રતીવાદી નં.૧, ૨ નાઓએ દાવાવાળી મીલ્કત કોઈને કોઈ પણ પ્રકારે ટ્રાન્સફર,અસાઈન, ગીરો કે તબદીલ કરે તો મલ્ટીપ્લીસીટી પ્રોસેડીંગો ઉભા થાય તેમ છે તેમજ આ કામે હાલ પ્રતીવાદીઓનો જે કબજો, ભોગવટો છે તેમાં કોઈ હસ્તક્ષેપ

થતો નથી જેથી પ્રતીવાદીઓને નાણાંમા ન આંકી શકાય તેવુ નુકશાન થવાની સંભાવના કે શકયતા પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવતી નથી. અને જો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંમા ન આંકી શકાય તેવુ નુકશાન થવાની સંભાવના અને શકયતા જણાઈ આવે છે. આવા સંજોગોમાં આ કામે વાદીની આંક–૫ ની મનાઈ અરજી મંજૂર કરવી ન્યાયોચીત જણાઈ આવતુ હોઈ નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુકમ</u> :–**

– આ કામે વાદીની આંક–૫ ની મનાઈ અરજી મંજૂર કરવાનો હુકમ કરવામાં આવે છે.

– આ કામે વાદીની તરફેણમાં અને પ્રતીવાદી નં.૧, ૨ ની વિરૂધ્ધમાં મોજે ગામ આખોલ મોટી, તા.ડીસાના રે.સ.નં. ૮૬ અ પૈકી ૨ / પૈકી ૧/પૈકી ૧ ખાતા નં.૧૮૬ વાળી હે.આરે.૦૧.૩૬.૧૬ ચો.મી.વાળી ખેતીની જમીન વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ પણ રીતે તબદીલ કરે કરાવે નહી કે તેના ઉપર કોઈ પણ પ્રકારનો બોજો ઉત્પન્ન કરે કરાવે નહી તેવો દાવાના આખરી નિકાલ સુધી મનાઈ હુકમ ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

– ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મું.ડીસા
તા.૨૯/૦૪/૨૦૨૩

**(યોગેશ નરેન્દ્રકુમાર પટેલ)**
પ્રિન્સી.સીની.સીવીલ જજ,ડીસા.
જી.જે.૦૦૬૬૪